મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૫-૦૯-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૫૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા. ૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નમો લક્ષ્મી યોજના હેઠળ ૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી

## નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓને કુલ ૫૦ હજારની સહાય આપવામાં આવે છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનને ૪ વર્ષ પૂર્ણ થયા છે. આ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ ધપાવી છે.

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત જ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે રાજયના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં માર્ચ ૨૦૨૪માં બે નવી યોજનાઓ જાહેર કરવામાં આવી હતી- નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના.

ઉલ્લેખનીય છે કે, નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યારસુધીમાં ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ?૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાય અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ?૧૬૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.



### નમો લક્ષ્મી યોજના : ધો-૯થી ૧૨માં અભ્યાસ માટે ચાર વર્ષોમાં મળે છે કુલ ૫૦ હજારની સહાય

પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી આર્થિક અક્ષમતાઓને કારણે રાજ્યની દીકરીઓને શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુ ને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે તેવા ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નમો લક્ષ્મી યોજનાની શરૂઆત કરી હતી. યોજના હેઠળ, રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર છે. જો વિદ્યાર્થિનીઓને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર છે. નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓને આ ચાર વર્ષ દરમિયાન કુલ ?૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. નમો લક્ષ્મી યોજના શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યની ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ?૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિવિધ શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે અલાયદું 'નમો લક્ષ્મી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે.

### નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના : વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે છે ધો-૧૧ અને ૧૨ માટે કુલ ૨૫,૦૦૦ની સહાય

રાજ્યના વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી બનાવવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આર્થિક સહાય મળવાપાત્ર છે. નમો સરસ્વતી યોજના હેઠળ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ ૨૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૧૬૧ કરોડથી વધુની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ગુજરાતની શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે 'નમો સરસ્વતી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે. ગુજરાત સેમિકંડક્ટર, હરિત ઊર્જા અને ડિજિટલ સાયન્સ જેવા ક્ષેત્રોનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રો માટે ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળની મોટા પાયે માંગ ઊભી થશે. આ માટે જરૂરી છે, કે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના થકી વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગારની તકો સુનિશ્ચિત કરવામાં આવશે.

### તરવૈયાની મદદથી લાશને બહાર કાઢવામાં આવી

## કડીના રંગપુરડા નર્મદા કેનાલના પાવર સ્ટેશન પાસેથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

(ગરવી તાકાત) કડી તા.૧૪

કડી તાલુકાના રંગપુરડા ગામની સીમમાં આવેલ મુખ્ય નર્મદા કેનાલના પાવર સ્ટેશન પાસેથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થાનિક લોકોએ કેનાલમાં તરતી લાશ જોતાં તુરંત કડી પોલીસને જાણ કરી હતી.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને સ્થાનિક તરવૈયાઓની મદદથી લાશને બહાર કાઢવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકના માથાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કડી કુંડાળ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે.



(ફાઈલ તસ્વીર)

મૃતકની ઓળખ થઈ શકી નથી. પોલીસે આસપાસના વિસ્તારમાં તપાસ કરી છે. પરંતુ હજુ સુધી પરિવારજનોનો કોઈ પત્તો લાગ્યો નથી. આથી મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. પોલીસે મૃતકના પરિવારજનોની શોધખોળ તેજ બનાવી છે.

ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં નર્મદા કેનાલ કરણનગર ગામ પાસેના વાય જંક્શનથી બે ભાગમાં વહેંચાય છે. એક ભાગ સૌરાષ્ટ્ર તરફ અને બીજો ભાગ કચ્છ-ઉત્તર ગુજરાત તરફ જાય છે. આ ઘટના સૌરાષ્ટ્ર તરફ જતી મુખ્ય કેનાલ પાસે બની છે.

### મહારાષ્ટ્રમાં ટામેટાનું ઉત્પાદન વધતાં ભાવ ઘટ્યા અઠવાડિયામાં રૂ.૫૦ના ૧૫ રૂપિયે કિલો થઇ ગયા

## મહેસાણા શાકમાર્કેટમાં ટામેટા સિવાયની શાકભાજીના ભાવ હોલસેલમાં પણ ત્રણ ગણા : ગૃહિણીઓ નારાજ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

અઠવાડિયા દસ દિવસ પૂર્વે વરસાદને લઈ ટામેટા સહિત કેટલીક શાકભાજીના ભાવમાં એકદમ ઉછાળો આવી ગયો હતો. જે કોરું નીકળતાં અઠવાડિયા પછી જે ટામેટા ૫૦ રૂપિયે કિલો વેચાતા હતા, તેનો ભાવ શનિવારે હોલસેલમાં ૧૫ રૂપિયે કિલો થઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા શાક માર્કેટના હોલસેલના વેપારીના જણાવ્યા મુજબ, ટામેટા લોકલ ક્યાંયથી આવતાં જ નથી. તે મહારાષ્ટ્રના નાસિક અને મધ્યપ્રદેશથી આવી રહ્યા છે અને ત્યાં અછત હોવાથી અઠવાડિયા પૂર્વે તેના ભાવ એકદમ ટાઈટ થઈ ગયા હતા અને અત્યારે જેમ જેમ માલ આવી રહ્યો છે તેમ તેમ ટામેટાનો ભાવ પણ તળિયે જઈ રહ્યો છે.બીજી તરફ, અઠવાડિયા પૂર્વે ગીલોડી અને ગવાર સહિતના શાકભાજી હોલસેલમાં જે સસ્તા હતા તે ૧૦ દિવસ પછી અત્યારે તેનો ભાવ ડબલ કે ત્રણ ગણો કે ચાર ગણો થઈ ગયો છે.શહેરની મોટી શાક માર્કેટના હોલસેલના વેપારી સાજીદભાઈના જણાવ્યા મુજબ, વરસાદને લીધે પાક બગડી ગયો હોવાથી દસ દિવસ પહેલાં હોલસેલમાં ૩૦ રૂપિયા કિલોના ભાવે કાઠીયાવાડથી આવતો ગવાર મળતો હતો.તે શનિવારે હોલસેલમાં પણ ૧૨૦ રૂપિયાથી મળી રહ્યો છે. તેવી જ રીતે ગિલોડી ૧૫૦ રૂપિયા કિલો અને વટાણા ૧૮૦ થી ૨૦૦ રૂપિયા કિલોના ભાવે મળી રહ્યા છે. જ્યારે, એકમાત્ર મરચા લોકલ આવી રહ્યા હોવાથી તે હોલસેલના ભાવે ૨૫ થી ૩૦ રૂપિયા કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

### સામેત્રા ગામ નજીક APN સલ્ફર ફેક્ટરીમાં મોડી રાત્રે ભીષણ આગ, ગુગળામણથી બે કામદારોના મોત

## મહેસાણા-બહુચરાજી રોડ પર આવેલા પ્લાન્ટમાં અચાનક લાગેલી આગ, પોલીસ તપાસ શરૂ થઈ, કારણોની શોધમાં તપાસકર્તાઓ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

મહેસાણા જિલ્લામાં મોડી રાત્રે એક ભીષણ આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાવી દીધું. સામેત્રા ગામ નજીક મહેસાણા-બહુચરાજી રોડ પર આવેલી છઁદ્ર સલ્ફર નામની કેમિકલ ફેક્ટરીમાં અચાનક લાગેલી આગને કારણે બે કામદારોના ગુફગળામણથી મોત થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટના મોડી રાત્રે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ફેક્ટરીમાં નાઈટ શિફ્ટમાં કામ ચાલી રહ્યું હતું.

ઘટનાસ્થળ પરથી મળતી માહિતી અનુસાર, છઁદ્ર સલ્ફર ફેક્ટરીમાં સલ્ફર પ્રોસેસિંગનું કામ ચાલતું હતું. મોડી રાત્રે અચાનક પ્લાન્ટના એક વિભાગમાં ઈલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટ કે કેમિકલ લીકના કારણે આગ ફાટી નીકળી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગની જ્વાળાઓ ઝડપથી ફેલાઈ અને ફેક્ટરીના મુખ્ય પ્લાન્ટમાં પહોંચી ગઈ, જેના કારણે ઘણા કામદારો ફસાઈ પડ્યા. આમાંથી બે કામદારો, જેમના નામ અત્યારે જાહેર કરવામાં આવ્યા નથી, ગુફગળામણથી બચી શક્યા નહીં અને તેમનું ઘટનાસ્થળે જ મોત થયું. બાકીના કામદારોને તાત્કાલિક બચાવીને નજીકની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને ઈન્જરીઓની સારવાર આપવામાં આવી રહી છે.



ઘટનાની જાણ થતાં જ મહેસાણા ફાયર બ્રિગેડની ટીમને કોલ કરવામાં આવ્યો. ફાયર ઓફિસર વિક્રમસિંહ ચાવડા વડા ટીમ સાથે લગભગ ૧૨:૩૦ વાગ્યે ઘટનાસ્થળ પર પહોંચી. આગ કેમિકલ પ્રકારની હોવાથી તેને કાબુમાં લેવું મુશ્કેલ હતું, પરંતુ ટીમે બે ફાયર એન્જિન અને તાત્કાલિક બચાવની ટુકડીઓને કોલ કરી. લગભગ બે કલાકની અવિરત જહેમત પછી, સવારે ૨:૩૦ વાગ્યા આસપાસ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવ્યો. આ દરમિયાન, પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમો પણ પહોંચી અને બચાવ કાર્યક્રમ ચલાવ્યો.

ફેક્ટરીના માલિક અને મેનેજમેન્ટે જણાવ્યું કે, આ પ્લાન્ટમાં લગભગ ૫૦થી વધુ કામદારો કામ કરતા હતા અને આગ લાગ્યા પછી તાત્કાલિક એવેક્યુએશનના કારણે વધુ જાનહાનિ ટળી ગઈ. જોકે, ફેક્ટરીમાં રહેલા કેમિકલ મટિરિયલ અને મશીનરીને ભારે નુકસાન થયું છે, જેનું અંદાજિત મૂલ્ય કરોડો રૂપિયામાં જણાઈ રહ્યું છે. મહેસાણા પોલીસ સ્ટેશનના પીઆઈ રાજેશ પટેલે જણાવ્યું કે, આગના કારણોની તપાસ માટે ફોરેન્સિક ટીમને બોલાવવામાં આવી છે અને ફેક્ટરીના સેફ્ટી પ્રોટોકોલ્સ પર પણ તપાસ ચલશે.

આ ઘટના બાદ સ્થાનિક વસ્તીમાં ભયનું વાતાવરણ ફેલાયું છે, કારણ કે આ વિસ્તારમાં અનેક ઔદ્યોગિક એકમો આવેલા છે. ગ્રામજનો અને કામદાર સંગઠનોએ ફેક્ટરીઓમાં સેફ્ટી માપદંડોની કડક તપાસની માગ કરી છે. જિલ્લા કલેક્ટર ડૉ. કે. રાજેશ કુમારે મૃતકોના પરિવારોને ૨ લાખ રૂપિયાની સહાય અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક તબીબી સુવિધા આપવાની જાહેરાત કરી છે. આ ઘટના ઉત્તર ગુજરાતમાં વધતી ઔદ્યોગિક અકસ્માતો પર પ્રશ્નો ઉભા કરે છે અને સરકારી મહત્વામાંદીને ફેક્ટરીઓમાં નાઈટ શિફ્ટની સુરક્ષા વધારવા પ્રોત્સાહિત કરે છે.

## ભાગ્યોદય હોસ્પિટલના કડી તાલુકાના ૧૨૦ ગામના સક્રિય કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું

(ગરવી તાકાત) કડી તા.૧૪

કડી ખાતે છેલ્લા ૪૧ વર્ષથી કડી તાલુકા અને આસપાસના આશરે ૩૫૦ જેટલા ગામના પ્રજાજનોની આરોગ્ય સુખાકારી માટે સતત સેવારત ભાગ્યોદય મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને મેડીકલ કોલેજનાં ભાવિ સેવાકિય પ્રકલ્પો અને વિકાસકાર્યો માટે કડી તાલુકાનાં ૧૨૦ ગામના પ્રતિનિધિઓનું વિશાળ સંમેલન આજરોજ કડી ટાઉનહોલ ખાતે યોજાયું હતું. ભાગ્યોદય મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ સાથે સંકળાયેલા આશરે ૮૦૦ થી વધું સક્રિય કાર્યકર્તાઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું દીપ



પ્રગટ્ય દ્વારા ઉદઘાટન ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, મહેસાણા જીલ્લા સહકારી બેંકનાં ચેરમેનશ્રી વિનોદભાઈ પટેલ, સંસ્થાના ચેરમેનશ્રી જગદીશભાઈ પટેલ, દાતા ટ્રસ્ટીશ્રી દિલીપભાઈ પટેલ (રાજા ઈન્ડ.) સૌરીનભાઈ પરીખ વગેરે દ્વારા કરવામાં આવેલ હતું. કડી તાલુકાના અગ્રણીઓશ્રી શૈલેષભાઈ ઠાકોર, અશ્વિનભાઈ, દેવેન્દ્રભાઈ, મહામંત્રીશ્રી સચિનભાઈ અને દીપકભાઈ, રમેશભાઈ, મયંકભાઈ પટેલ-જોટાણા, જશુભાઈ, હિમાંશુભાઈ, રાજુભાઈ ગજ્જર, ચંદુભાઈ (તા.ખ.વે.સં.), નીરજભાઈ, સુરેશભાઈ પરમાર, આશિષભાઈ, જયેન્દ્રભાઈ દેસાઈ, મૌલિકભાઈ, વિપુલભાઈ સહિત કડીની વિવિધ સેવાભાવી અને શૈક્ષણિક સંસ્થાઓ રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, વિશ્વ હિંદુ પરિષદ, મુસ્લિમ બિરાદરો સહિત તમામે ખભેખભો મીલાવી સૌનો સાથ-સૌનો વિકાસ સુત્ર સાથે ભાગ્યોદય હોસ્પિટલનાં ભાવિ પ્રોજેક્ટ્સ નવીન મેડીકલ કોલેજ, હોસ્ટેલ બિલ્ડીંગ, કેન્સર હોસ્પિટલ વગેરે પૂર્ણ કરવા પ્રચંડ પુરૂષાર્થ દ્વારા સફળ બનાવવા સંકલ્પ કરી આજથી જ આ સેવાકાર્યમાં જોડાઈ જવા આહવાન કરવામાં આવેલ હતું.




## મેરિટ વિરુદ્ધ તક, રાધાકૃષ્ણન વિરુદ્ધ સુદર્શન

દેશમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ભાજપની આગેવાની હેઠળના એનડીએ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાએ પોતપોતાના ઉમેદવારો પસંદ કર્યા છે. એનડીએએ સીપી રાધાકૃષ્ણનને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. તેનાથી વિપરીત,ઈન્ડિયાએ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. તે બંને રાષ્ટ્ર માટે બે સંપૂર્ણપણે વિરુદ્ધ દ્રષ્ટિકોણનું ચિત્ર રજૂ કરે છે.

હકીકતમાં, આ ચૂંટણી મેરિટ અને તકવાદ વચ્ચેની સ્પર્ધા છે. સીપી રાધાકૃષ્ણન કોઈમ્બતુરથી બે વખત સાંસદ રહ્યા અને દાયકાઓ સુધી સમર્પણ દ્વારા લોકોનો વિશ્વાસ મેળવ્યો. ઝારખંડના રાજ્યપાલ તરીકે, તેમણે ગૌરવ અને દૃઢતા સાથે બંધારણીય ફરજો નિભાવી, સામાન્ય માણસ સાથે જોડાયા અને સામાજિક પરિવર્તન સુનિશ્ચિત કર્યું.

ઉપરાષ્ટ્રપતિ પદ પર તેમનું પદોન્નતિ એ લોકો અને બંધારણ પ્રત્યેની જીવનભરની સેવાની માન્યતા છે. તેમની ઉમેદવારી તમિલો અને દક્ષિણ ભારતના ઘણા લોકો માટે ખૂબ જ વ્યક્તિગત છે. તે એક સંકેત છે કે નવી દિલ્હીમાં તેમનો અવાજ મહત્વપૂર્ણ છે. તે કોઈ રહસ્ય નથી કે કોંગ્રેસના શાસનના પરાકાષ્ઠા દરમિયાન, તમિલનાડુ ઘણીવાર રાષ્ટ્રીય રાજકારણમાંથી બાકાત રહેતું હતું, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તે બદલાઈ ગયું છે. રાધાકૃષ્ણનનો ઉદય નવા ભારતની વાર્તામાં તમિલનાડુના કેન્દ્રિયતાનું એક શક્તિશાળી પ્રતીક છે.તમિલનાડુ પ્રત્યે પીએમ મોદીની પ્રતિબદ્ધતા આ નામાંકનથી ઘણી આગળ છે. છેલ્લા દાયકામાં, તેમણે ખાતરી કરી છે કે તમિલ નેતાઓ ભારતના શાસનમાં અગ્રણી ભૂમિકા ભજવે. ઉદાહરણ તરીકે, ડૉ. તમિલિસાઈ સુંદરરાજને તેલંગાણા અને પુડુચેરીના રાજ્યપાલ તરીકે તેમની કુશળતા અને નેતૃત્વ દર્શાવ્યું. સંરક્ષણ અને નાણાં પ્રધાન તરીકે નિર્મલા સીતારમણનો કાર્યકાળ ભારતની આર્થિક શક્તિનું વૈશ્વિક પ્રતીક બની ગયો છે. ડૉ. એસ. જયશંકરની કુશળ રાજદ્વારી અને વિદેશ પ્રધાન તરીકેની સેવાએ ભારતનો અવાજ વિશ્વ મંચ પર સંભળાવ્યો છે.આ ફક્ત પ્રતીકાત્મક નિમણૂકો નથી પરંતુ એ વાતનો પુરાવો છે કે પીએમ મોદી તમિલનાડુને પ્રતિભાનું પાવરહાઉસ અને આપણા સામૂહિક ભારતીય વારસાનું ભંડાર માને છે. પીએમ મોદી યુએનમાં પ્રાચીન તમિલ લખાણ તિરુક્કુરલમાંથી અવતરણ કરે, તમિલને વિશ્વની સૌથી જૂની ભાષા તરીકે જાહેર કરે કે પવિત્ર સેંગોલને સન્માનનું સ્થાન આપે, આ ક્ષણો ફક્ત પ્રતીકાત્મક નથી પરંતુ ભારતના આત્માના અભિન્ન ભાગ તરીકે તમિલ ઓળખની ઉજવણી છે. આમાં કાશી તમિલ સંગમમ અને સૌરાષ્ટ્ર તમિલ સંગમમ જેવી પહેલો પણ ઉમેરવામાં આવી છે, જે તમિલ પરંપરાઓને અન્ય પ્રદેશોની પરંપરાઓ સાથે જોડે છે. રાધાકૃષ્ણન એક ભારતના આ ભાવનાનું પ્રતીક છે.તેનાથી વિપરીત,ઈન્ડિયાની પસંદગી તકવાદ અને દંભની ગંધ લે છે, જે સ્પષ્ટ કરે છે કે આ જોડાણ સિદ્ધાંતો કરતાં રાજકીય તકવાદ પર વધુ કેન્દ્રિત છે. ૨૦૧૩માં જ્યારે રેડ્ડીને ગોવાના પ્રથમ લોકાયુક્ત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, ત્યારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ તેમને ભાજપના ×હા-પુરુષ× તરીકે વર્ણવ્યા. આજે, ૨૦૨૫માં, તે જ કોંગ્રેસ-નેતૃત્વ ગઠબંધન તેમને ×ન્યાયના ચેમ્પિયન× કહી રહ્યું છે.રેડ્ડીનો ન્યાયિક રેકોર્ડ પણ આત્મવિશ્વાસ પ્રેરિત કરતો નથી. ૨૦૧૧માં છત્તીસગઢમાં માઓવાદી વિરોધી પહેલ સલવા જુડુમને રદ કરવાનો તેમનો નિર્ણય માઓવાદી હિંસા સામેની ભારતની લડાઈ માટે એક આંચકા તરીકે જોવામાં આવ્યો હતો. આજે, જ્યારે માઓવાદની સમસ્યા લગભગ સમાપ્ત થવાના આરે છે, ત્યારે રેડ્ડીનો નિર્ણય ઘણા પ્રશ્નો ઉભા કરે છે. શું આપણે આવી વ્યક્તિને ઉપરાષ્ટ્રપતિની ખુરશી પર જોવા માંગીએ છીએ? ભોપાલ ગેસ દુર્ઘટના કેસ ફરીથી ન ખોલવાનો રેડ્ડીનો નિર્ણય પણ તેમના વારસા પર એક ડાઘ છે. તેમનું નામાંકન મધ્યપ્રદેશના લોકો સાથેના અન્યાયની ક્રૂર યાદ અપાવે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# નેપાળની હિંસક સ્થિતિ સુરતના કાપડ વેપારીઓ માટે આર્થિક આઘાત બની : ૧૦૦ કરોડનું પેમેન્ટ અટવાયું

## સુરતથી સાડી, શૂટિંગ, ગારમેન્ટસ અને ફેબ્રિક્સનો જથ્થો નિયમિત રીતે નેપાળ મોકલવામાં આવે: દર વર્ષે સરેરાશ ૨૦૦ કરોડનું નિકાસ

સુરત: તા.૧૪

નેપાળમાં ફાટી નીકળેલી હિંસક પરિસ્થિતિ સુરતના કાપડ ઉદ્યોગ માટે મોટો આર્થિક આઘાત બની છે. સુરતમાંથી દર વર્ષે સરેરાશ ૨૦૦ કરોડનું કાપડ નેપાળમાં નિકાસ થાય છે, પરંતુ હાલની અશાંતિને કારણે માલની ડિલિવરી અટકી ગઈ છે અને વેપારીઓના અંદાજે ૧૦૦ કરોડથી વધુના પેમેન્ટ ફસાઈ ગયા છે.



સુરતથી સાડી, શૂટિંગ, ગારમેન્ટસ અને ફેબ્રિક્સનો જથ્થો નિયમિત રીતે નેપાળ મોકલવામાં આવે છે. પરંતુ હાલની પરિસ્થિતિને કારણે ગોડાઉનમાં જથ્થો અટવાઈ ગયો છે. સામાન્ય રીતે વેપારીઓને ૩-૪ મહિનામાં પેમેન્ટ મળી જાય છે, પરંતુ હવે ચુકવણી બંધ થતાં વેપારીઓને કફોડી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

ફેડરેશન ઓફ ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (ફંજીછ)માં વેપારીઓએ પોતાની સમસ્યાઓ રજૂ કરી છે. એસોસિએશનના ડિરેક્ટર કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, ×નેપાળની અશાંતિને કારણે સુરતના વેપારીઓના ૧૦૦ કરોડથી વધુના પેમેન્ટ અટવાઈ ગયા છે.

માલ પણ ગોડાઉનમાં જ અટકી ગયો છે. એક વેપારીનું તો ૧.૫ કરોડનું પેમેન્ટ અટવાયું છે.'' દિવાળીના દિવસોમાં કાપડ ઉદ્યોગમાં વેચાણની ચહલપહલ રહેતી હોય છે. પરંતુ આ વખતે પેમેન્ટ ન મળતાં વેપારીઓ પર આર્થિક દબાણ વધી રહ્યું છે.

# મતદાર યાદીમાં SIRનો પંચને પુરો અધિકાર; કોઈ અદાલત દખલ કરી શકે નહીં : ચૂંટણી પંચ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૪

બિહારમાં મતદારયાદીની પુનઃ સમીક્ષા મુદે સર્જાયેલા વિવાદમાં આજે ચૂંટણીપંચે સુપ્રીમકોર્ટમાં એક સોગંદનામું દાખલ કરીને મતદાર યાદી ખાસ પુનઃ નિરીક્ષણ જે એસ.આઈ.આર. તરીકે પણ ઓળખાય છે. તે અંગે ચૂંટણી પંચ જ આખરી સતા હોવાનું જણાવી તે મુદે કોઈ કોઈ આદેશ આપવો તે ચૂંટણી પંચના અધિકાર ક્ષેત્રમાં દખલ ગણાશે તેવું સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું.




ચૂંટણી પંચે એ પણ જણાવ્યું કે હવે તા.૫ જુલાઈના રોજ જ બિહાર ઉપરાંત દેશના અન્ય રાજયોમાં પણ સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રિવીઝન (સર)નો આદેશ અપાયો છે. અમે જણાવ્યું કે કયારે અને કયા આ સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રિવીઝન યોજવું તે નકકી કરવાનો અધિકાર ફકત ચૂંટણીપંચ પાસે છે અને તેમાં અમોને કોઈ અન્ય ઓથોરિટી આદેશ આપી શકે નહી. આમ ચુંટણી પંચે તેના નિર્ણયને અદાલત પણ સમીક્ષા કરી શકે નહી તે સ્પષ્ટ જણાવ્યું હતું.

પંચે જણાવ્યું કે મતદાર યાદીની સમરી રિવીઝન કહ્યું કે સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રિવીઝન કરવી એ ફકત ચૂંટણી પંચ જ નિર્ણય લઈ શકે. અન્ય કોઈ ઓથોરિટીને તેમાં દખલનો અધિકાર નથી અને તેમાં કોઈ સમયમર્યાદા પણ આપી શકે નહી.

અમે સર્વોચ્ચ અદાલતને એ પણ જણાવ્યું કે બિહારમાં પ્રસ્તાવિત મતદાર યાદીમાં તા.૧ સપ્ટેમ્બર બાદ પણ વાંધા રજુ કરી શકાશે પણ તે મતદાર યાદી આખરી તૈયાર થયા બાદ જ વિચારણામાં લેવાશે. પંચે જણાવ્યું કે મતદાર યાદીની સમીક્ષાએ સતત ચાલતી પ્રક્રિયા છે અને સોશ્યલ ઈન્ટેન્સીવ રીવ્યુ કરવાનો પંચને કાનુની અધિકાર છે. પંચ જયાં યોગ્ય લાગે ત્યાં કરી શકે છે.

## મારૂતીથી લઈ ટાટા અને ઈલેકટ્રોનીકસ કંપનીઓએ પણ સ્વદેશી નારો સ્વીકારી લીધો

# વડાપ્રધાનના વોકલ ફોર લોકલને સફળતા : ટોચની ૨૦ લીસ્ટેડ કંપનીઓનું આયાત બીલ ઘટયું

નવીદિલ્હી તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મ નિર્ભર અને સ્વદેશી ભારતનો જે મંત્ર છે તેને દેશની ટોચની કંપનીઓએ ઉપાડી લીધો હોય તેવા સંકેત છે અને મુંબઈ શેરબજારમાં નોંધાયેલી ટોચની ૨૦ કંપનીઓ કે જે ઓટોમોબાઈલથી લઈને ઈલેકટ્રોનીક અને કન્ઝયુમર ગુડઝનું ઉત્પાદન કરે છે તે વોકલ ફોર લોકલમાં રસ ધરાવતી થઈ ગઈ છે અને તેમનું આયાત કાચા માલ સહિતના આયાત બીલમાં ઘટાડો થયો છે. જેમાં ખાસ કરીને ઓટોમોબાઈલ કંપનીઓ




મારૂતી સુઝુકી, ટાટા મોટર, બજાજ ઈલેકટ્રીક, હીરો મોટોકોપ, વર્લ્ડપુલ, હવેલ્સ, બ્લુસ્ટાર અને અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે. ઓટો અને ઈલેકટ્રોનીક કંપનીઓનું આયાત બીલ સૌથી વધુ ઘડયું છે.

ડીક્ષોન ટેકનોલોજી જે કન્યુઝમર ગુડઝ બનાવવામાં સૌથી આગળ છે તેના વેચાણમાં આયાતથી ઉત્પાદનનું પ્રમાણ ૬ ટકા ઘટયુ છે તે આ કંપની ઘરઆંગણે ટીવી પેનલ, કેમેરા મોડયુલ, અને કંપ્રેસર બનાવે છે અને તેને ભારતીય ઉત્પાદકો ઉપર ભરોસો રાખ્યો છે. મોબાઈલ ફોન, એસી. ઓટો સહિતની કંપનીઓ પણ આ રીતે ઓછામાં ઓછું આયાત બીલ બને તે નિશ્ચિત કરી રહ્યું છે. મારૂતી સુઝુકીએ ૨૦૨૦ના વર્ષના વેચાણમાં ૧૧.૫ ટકાનો આયાતી ઉત્પાદનોનો હિસ્સો હતો જે ૨૦૨૫માં ૬ ટકા થઈ ગયો છે. ટાટા મોટર્સનો હિસ્સો ૬.૭ ટકા હતો તે ૧.૨ ટકા થઈ ગયો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો, નહીં તો નુકસાન થવાની સંભાવના છે.

**વૃષભ:** આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

**મિથુન:** તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

**કર્ક:** આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

**સિંહ:** આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

**કન્યા:** આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે અને રચનાત્મક કાર્યોમાં કાર્ય થશે.

**તુલા:** ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

**વૃશ્ચિક:** આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

**ધન:** કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે. પરિવાર સાથે બેસીને સમસ્યાનો સમાધાન શોધવામાં ફાયદો થશે.

**મકર:** આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.

**કુંભ:** આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

**મીન:** આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

## ફિલ્મી ગપશપ

### સુનિલ શેટ્ટી ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ નહીં જુએ?:એક્ટરે કહ્યું- 'જોવી કે ન જોવી એ આપણે જાતે નક્કી કરવાનું છે, રમવા માટે ક્રિકેટરોને દોષ ન આપો'



આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ક્રિકેટ મેચ રમાશે. આ મેચ દુબઈમાં યોજાશે. ભારતમાં ઘણા લોકો ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ મેચનો સખત વિરોધ કરી રહ્યા છે. પહેલગામ હુમલાના પીડિતોના પરિવારો પણ વિરોધ કરનારાઓમાં સામેલ છે. વિરોધ પ્રદર્શનો વચ્ચે પણ આ મેચ યોજાવા જઈ રહી છે. હવે એક્ટર સુનીલ શેટ્ટીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અને તેના પર થઈ રહેલા વિરોધ પ્રદર્શનો પર પોતાનો અભિપ્રાય આપ્યો છે.

સમાચાર એજન્સી છદ્ગૈં એ સુનીલ શેટ્ટીનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં સુનીલ શેટ્ટી કહી રહ્યો છે કે આ મેચ માટે ક્રિકેટરો કે મ્ઝ્રઝ્રૈં ને દોષી ઠેરવી શકાય નહીં. તેમણે કહ્યું કે ભારતીય તરીકે, આપણે નક્કી કરવું જોઈએ કે આપણે તે મેચ જોઈશું કે નહીં.

સુનિલ શેટ્ટી વીડિયોમાં કહેતો જોવા મળે છે, ×આ એક વિશ્વ રમત સંગઠન છે. તેમણે તે નિયમોનું પાલન કરવું પડશે કારણ કે બીજી ઘણી રમતો છે અને ઘણા ખેલાડીઓ તેમાં સામેલ છે. ભારતીય હોવાને કારણે, મને લાગે છે કે આપણે વ્યક્તિગત રીતે નક્કી કરવું જોઈએ કે આપણે તેને જોશું કે નહીં, આપણે જઈશું કે નહીં અને આ ભારતે નક્કી કરવાનું છે, પરંતુ તમે ક્રિકેટરોને રમવા માટે દોષી ઠેરવી શકતા નથી કારણ કે તેઓ ખેલાડીઓ છે, તેમની પાસેથી દેશનું પ્રતિનિધિત્વ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. સુનીલ શેટ્ટીએ આગળ કહ્યું, ×મને લાગે છે કે એ આપણે નક્કી કરવાનું છે કે જો હું (ક્રિકેટ મેચ) નહીં જોઉં તો હું નહીં જોઉં. તમારે શું કરવું છે તે નક્કી કરવાનું તમારા પર છે. તે મ્ઝ્રઝ્રૈંના હાથમાં નથી. તે એક વિશ્વ રમતગમત સંસ્થા છે. અને તમે કોઈને દોષી ઠેરવી શકો નહીં...×

## ફયુલ સીસ્ટમ ઠપ્પ થવાનું કોઈ કારણ નથી : એન્જીન બ્રેઈન ઓટોમેટીક તમામ કામગીરી સંભાળે છે

# અમદાવાદ વિમાની દુર્ઘટના માટે EE-baઅ પાસે પાણી લીકેજ જવાબદાર!

**અમેરિકી એવીએશન નિષ્ણાંત ધારાશાસ્ત્રી માઈક એન્ડ્રૂનો નવો તર્ક : વિમાન રવાના થતા પહેલા પણ લાઈટ લબુક ઝબુક થતી હતી**

**EE-bay નજીક જ પોર્ટેબલ વોટર સીસ્ટમ આવેલી છે જેમાંથી લીકેજ થયેલુ પાણી ઈલેકટ્રોનીક સીસ્ટમમાં ઘુસી જતા સમગ્ર સીસ્ટમને ઠપ્પ કરી હોઈ શકે**

અમદાવાદ, તા.૧૩

ગત તા.૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડિયાના વિમાનને નડેલી દુર્ઘટના અને ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત ૨૪૧ મુસાફરો તથા ક્રુમેમ્બરો અને વિમાન જમીન પર ખાબકતા વધુ ૧૯ જણાના જે રીતે મૃત્યુ થયા હતા તે અંગેની તપાસ રિપોર્ટ હજુ બહાર આવ્યો નથી.

પરંતુ એવીએશન દુર્ઘટના માટે નિષ્ણાંત ગણાતા અમેરિકી ધારાશાસ્ત્રી માઈક એન્ડ્રૂ એ નવો ઘટ્ટસ્ફોટ કરતા જણાવ્યું હતું કે વિમાનમાં દુર્ઘટના એ પાયલોટની ભુલ કે ઈરાદાપૂર્વક એન્જીનની ફયુલ સપ્લાય રોકવામાં આવી હોય તે થિયરી તપાસમાં ફીટ બેસતી નથી.સમગ્ર દુર્ઘટનાનું કારણ વિમાનના કમ્પાન્ટમેન્ટમાં ઈલેકટ્રોનીક સીસ્ટમની નજીક જ પાણીનું લીકેજ થવાથી સમગ્ર સીસ્ટમ ઠપ્પ થઈ ગઈ હતી અને તેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું તેઓએ તારણ આપ્યુ છે.

ભારતમાં આ દુર્ઘટના અંગેનો તપાસ રિપોર્ટ ત્રણ મહિનામાં આપવાનો હતો પરંતુ હજુ સુધી તે જાહેર થયો નથી તે સમયે એવીએશન નિષ્ણાંત અમેરિકી ધારાશાસ્ત્રીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે પાયલોટની ભુલ કાઢવી એ ખોટુ છે. તેમણે કહ્યું કે બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર જે ઉડાનના ફકત બે મીનીટમાં વિમાનના એન્જીને પાવર ગુમાવ્યો તેથી તૂટી પડયું તેમાં ટેકનીકલ મુદો મહત્વનો છે.

તેમણે કહ્યું કે ઈલેકટ્રોનીક



ઈકવીપમેન્ટ-બે જેને ટેકનીકલ ભાષામાં ઈઈ-બે તરીકે ઓળખવામાં આવે છે. તેની બાજુમાં જ પાણીની પોર્ટેબલ સીસ્ટમ આવેલી છે અને તેમાં લીકેજના કારણે આ ઈઈ-બે માં પાણી ઘુસી જવાથી તે સીસ્ટમ પુરી રીતે ઠપ્પ થઈ ગઈ હતી અને તેના કારણે વિમાનને જે પાવર મળવો જોઈએ તે મળ્યો નથી. તેમણે કહ્યું કે વિમાનના રવાના થતા પુર્વે પણ જે રીતે પ્રવાસીઓએ લાઈટ લુબક ઝબુક થતી હતી તેવી ફરિયાદ કરી હતી.

તે જ દર્શાવે છે કે ઈલેકટ્રોનીક સીસ્ટમમાં ખામી સર્જાઈ હતી. પાણી આ સીસ્ટમ સુધી પહોંચી ગયું હશે. અગાઉ પણ આ અંગે ઈલેકટ્રીકલ શોર્ટ સર્કીટ અને વિમાનના મહત્વના ફંકશન અચાનક જ બંધ થઈ જાય તે અંગે ચેતવણી આપવામાં આવી હતી.

તેમણે ઉમેર્યુ કે વિમાનનું એન્જીન બ્રેઈન એ ઓટોમેટીક રીતે ફયુલનો પ્રવાહ કન્ટ્રોલ કરે છે અને તે વિમાનના એન્જીનને તાકાત આપે છે અને તેમાં પાયલોટની ભૂમિકા અત્યંત ઓછી હોય છે. જો ઈલેકટ્રીક સીસ્ટમ ફેઈલ થાય તો જ આ બ્રેઈન કામ કરી શકતુ નથી. આમ તેઓએ સમગ્ર દુર્ઘટનાને એક નવો વળાંક આપ્યો છે.

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે પાંચમાં અખિલ ભારતીય રાજભાષા સંમેલનનો શુભારંભ

# 'હિન્દી' એ અન્ય ભારતીય ભાષાઓની હરીફ નથી પરંતુ મિત્ર છે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૪

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'હિન્દી દિવસ-૨૦૨૫' અને 'પાંચમાં અખિલ ભારતીય રાજભાષા સંમેલન'નો ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સમારોહના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે હિન્દી ભાષા પ્રેમીઓને આવકારતા કહ્યું કે, 'હિન્દી' એ અન્ય ભારતીય ભાષાઓની હરીફ નથી પરંતુ મિત્ર છે. અગાઉ અખિલ ભારતીય રાજભાષા સંમેલન દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાતું હતું. જેમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા અને છેલ્લા પાંચ વર્ષથી આ કાર્યક્રમ દેશના વિવિધ ભાગોમાં યોજાઈ રહ્યો છે. પરિણામે, આપણને રાજભાષા અને દેશની બધી ભાષાઓ વચ્ચે સંચાર વધારવાની ખૂબ જ સારી તક મળી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં શરૂઆતથી જ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી અને અન્ય ઘણા વિદ્વાનોએ હિન્દી ભાષાને સ્વીકારી તેનો પ્રચાર પણ કર્યો છે. આ દૂરંદેશી નેતાઓએ ભારતીય ભાષાઓને એકબીજા સાથે વાતચીત કરવા અને દરેક રાજ્યમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે આગ્રહ કર્યો હતો. ગુજરાતમાં ગુજરાતી અને હિન્દીનું સહઅસ્તિત્વ રહ્યું છે, જેના પરિણામે ગુજરાતી બાળકોની પહોંચ રાષ્ટ્રીય સ્તરે ઘણી વધી છે.

તેમણે ઉમેર્યું હતું કે, દિલ્હીની બહાર આ પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન યોજાઈ રહ્યું છે. આ સંમેલન ભાષાપ્રેમીઓને નવી દ્રષ્ટિ, ઉર્જા અને પ્રેરણા આપે છે. આજે આ પરિષદમાં ઘણા પ્રકાશનો પ્રકાશિત થયા છે. જે ભાષા પ્રત્યેના આપણા પ્રેમ અને શૈલીઓમાં ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, હિન્દી બોલચાલ અને વહીવટની સાથે વિજ્ઞાન, ટેકનોલોજી અને ન્યાયની ભાષા પણ હોવી જોઈએ.

સારથીનો ઉલ્લેખ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહે કહ્યું કે, 'સારથી' એક અનુવાદ પ્રણાલી છે, જે થકી હિન્દી ભાષામાંથી ભારતની બધી માન્ય ભાષાઓમાં સરળતાથી અનુવાદ કરી શકાય છે. આ અનુવાદ પ્રણાલીના માધ્યમથી દેશના કોઈપણ રાજ્યમાંથી કરવામાં આવેલા પત્રવ્યવહારનો પ્રત્યુત્તર કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તેમની સ્થાનિક ભાષામાં આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, શિવાજી મહારાજે સ્વરાજની લડાઈ દરમિયાન ત્રણ મુદ્દા પર ભાર મૂક્યો હતો- સ્વરાજ, સ્વધર્મ અને સ્વભાષા. આ ત્રણેય બાબતો એકબીજા સાથે જોડાયેલી અને દેશના સ્વાભિમાન સાથે સંબંધિત છે. મહાત્મા ગાંધી ગુજરાત રાજ્ય સાહિત્ય પરિષદના પ્રમુખ હતા અને તેમણે ગુજરાતી શબ્દકોશના નિર્માણમાં પણ ઘણું યોગદાન આપ્યું હતું. તેઓ જાણતા હતા કે જ્યાં સુધી ભાષા મજબૂત ન હોય ત્યાં સુધી કોઈ પણ સમાજ દુનિયા સામે માથું ઊંચું રાખીને ટકી શકતો નથી. આ ઉપરાંત ડિજિટલ 'હિન્દી શબ્દ સિંધુ' વિશે તેમણે જણાવ્યું કે, આ શબ્દકોશમાં અંદાજે ૭ લાખ જેટલા શબ્દોનો સમાવેશ થયો છે. જે વર્ષ ૨૦૨૯ સુધીમાં વિશ્વની બધી ભાષાઓમાંનો સૌથી મોટો શબ્દકોશ બનશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગજનો માટે ખૂબ મહત્વના કાર્યો કર્યા છે. જેના ભાગરૂપે આજે પાંચ દ્રષ્ટિહીન ભાઈઓ અને બહેનોને છૈં-સંચાલિત ચશ્મા આપવામાં આવ્યા છે. આ ચશ્માની વિશેષતા વિશે જણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે, છૈં-સંચાલિત ચશ્માની મદદથી દ્રષ્ટિહીન વ્યક્તિ માતૃભાષામાં પણ કાગળ વાંચી શકશે,



પરિચિત ચહેરાઓને ઓળખવામાં મદદ મળશે, વોઈસ આસિસ્ટન્ટ સિસ્ટમની મદદથી ચલણ ઓળખી શકશે. આમ, આ ચશ્મા તેમના અંગત સહાયક તરીકે કામ કરશે.

મંત્રી શ્રી શાહે દેશભરના માતાપિતાને અપીલ કરી હતી કે, બાળકો સાથે માતૃભાષામાં વાતચીત કરવી અને તેમને માતૃભાષામાં બોલતા, લખતા અને વાંચતા શીખવવું. ઘણી ભાષાઓના વિદ્વાનો અને મનોવૈજ્ઞાનિકો દ્વારા સાબિત થયું છે કે, જ્યારે બાળક પોતાની ભાષામાં વાંચે, વિચારે, બોલે, વિશ્લેષણ કરે, તર્ક સુધારે અને પોતાની ભાષામાં નિર્ણયો લે તો તેની ક્ષમતા ૩૦ ટકા જેટલી વધી જાય છે.

તેમણે કહ્યું કે, દેશનો દરેક નાગરિક માતૃભાષાને મહત્વ આપે અને રાજભાષાને સહયોગ આપે. સંસ્કૃત ભાષાએ આપણને જ્ઞાનની ગંગા આપી છે, તો હિન્દી ભાષા એ તે જ્ઞાનને દરેક ઘર સુધી પહોંચાડ્યું છે. જ્યારે આપણી સ્થાનિક ભાષાઓએ તે જ્ઞાનને દરેક વ્યક્તિ સુધી પહોંચાડ્યું છે. વડાપ્રધાનશ્રીએ વિવિધ ટેકનોલોજીના માધ્યમથી સ્થાનિક ભાષાઓને મજબૂત બનાવવાનું સુંદર કામ કર્યું છે, જેના ભાગરૂપે ગૃહ મંત્રાલયમાં ભારતીય ભાષા વિભાગની રચના કરવામાં આવી છે. જે ફક્ત સત્તાવાર ભાષાઓ જ નહીં પરંતુ દેશની તમામ ભારતીય ભાષાઓને સુદ્રઢ કરવાનું કામ કરે છે. દેશના લગભગ ૫૩૯ શહેરોમાં તેમજ લંડન, સિંગાપોર અને દુબઈની જેમ વિદેશોમાં પણ સત્તાવાર ભાષા સમિતિની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હિન્દી દિવસની સૌને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું હતું કે, સરદાર સાહેબે આઝાદી પછી બધા રાજ્યો-પ્રદેશોને જોડીને અખંડ ભારતનું નિર્માણ કર્યુ છે. હવે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાષા અને સંસ્કૃતિની કડી બનાવીને એક ભારત-શ્રેષ્ઠ ભારત બનાવ્યું છે તેમ તેમણે ગૌરવસહ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું કે, ભાષા કોઈ પણ હોય અભિવ્યક્તિ સાથે તે સંસ્કૃતિનું પણ અભિન્ન અંગ છે. મુખ્યમંત્રીશ્રીએ ૧૯૪૯માં ૧૪મી સપ્ટેમ્બરે સંવિધાન સભાએ હિન્દીને રાજભાષા તરીકે સ્વીકૃતિ આપી તેનો ઉલ્લેખ કરતાં ઉમેર્યુ કે, ૨૦૧૯થી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આ હિન્દી દિવસની ઉજવણી દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાં કરાવવાની પરંપરા શરૂ કરીને ઉજવણીને નવી ગરિમા આપી છે.

આ સંદર્ભમાં ગુજરાતમાં ઉજવાઈ રહેલા આ વર્ષના હિન્દી દિવસ અને પાંચમા રાજભાષા સંમેલનની ગાંધીનગરમાં થતી ઉજવણીમાં તેમણે સૌને આવકાર્યા પણ હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આપેલા વિકસિત ભારતના સંકલ્પને પાર પાડવા તથા ભવિષ્યના ભારત માટે આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને મૂળ સાથેનું જોડાણ આવશ્યક છે.

આ માટે પ્રાદેશિક ભાષાઓ સાથે રાજભાષાને પણ રોજિંદા જીવનમાં અપનાવવા તેમણે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ રાજભાષા વિભાગ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના દિશા નિર્દેશનમાં કરવામાં આવેલા ડિજીટલ હિન્દી શબ્દસિંધુ જેવા પ્રયાસોને બિરદાવ્યા હતા. આના પરિણામે ૭ લાખથી વધુ શબ્દો આ શબ્દસિંધુમાં સમાવિષ્ટ થયા છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે હિન્દીનું સન્માન એ અન્ય ભારતીય ભાષાઓના ગૌરવનું પણ સન્માન છે. ગુજરાતની ભૂમિ અલગ અલગ ભાષાઓ અને સંસ્કૃતિનો સંગમ છે અને તેના સહઅસ્તિત્વ સાથે ગુજરાત વિકસિત ભારતમાં યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. તેમણે હિન્દી સહિતની બધી ભાષાઓની શક્તિ જો[illegible] ભારતને આત્મિનર્ભર, વિકસિત અને સુસંસ્કૃત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ હિન્દી દિવસે લેવાનો સૌને અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી બંદી સંજયકુમારે ભાષાઓના સહકાર સાથે હિન્દી ભાષાના થતાં સશક્તિકરણને બિરદાવી કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વગુરુ અને આત્મનિર્ભર બન્યું છે. આજે હિન્દી વિશ્વમાં મજબૂત રીતે પ્રસ્થાપિત થઈ છે. શિક્ષણ, વ્યવસાય, તકનીકી વગેરે ક્ષેત્રે હિન્દી ભાષા આગળ વધી રહી છે. હિન્દી ભાષા હવે માત્ર સંવાદ નહીં પરંતુ જ્ઞાન વિજ્ઞાનની મુખ્ય ભાષા તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઉપયોગમાં લેવામાં આવી રહી છે.

રાજભાષા વિભાગ દ્વારા સાત લાખથી વધુ શબ્દોનો શબ્દકોશ નિર્મિત કરવામાં આવ્યો છે, જેમાં ૨૫,૦૦૦ જેટલા શબ્દ અન્ય ભારતીય ભાષાઓમાંથી પણ લેવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતની પ્રાદેશિક ભાષાઓ સાથે સંકલન કરીને હિન્દી ભાષા તેનો પ્રસાર વધારી રહી છે. આમ છતાં ભારતના યુવા વૈજ્ઞાનિકો તેમના સંશોધનો, તકનીકી ઉપકરણોના આવિષ્કારો હિન્દી ભાષામાં રજૂ કરશે ત્યારે જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દીની યાત્રા આગળ વધશે.

સ્વાગત ઉદ્બોધન કરતા રાજભાષા વિભાગના મુખ્ય સચિવ ડૉ. અંશુલી આર્યાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨માં સુરત અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ભવ્ય આયોજનનું સાક્ષી બન્યું હતું, અને હવે વર્ષ ૨૦૨૫માં ગાંધીનગર આ મહત્વપૂર્ણ સંમેલનની યજમાની કરી રહ્યું છે. દેશની એકતા, સુરક્ષા, વિકાસ અને સાંસ્કૃતિક સ્વાભિમાન માટે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના અથાગ પ્રયાસોના પરિણામે આ સંમેલનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે.

ડૉ. આર્યાએ વધુમાં જણાવ્યું કે, તા. ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ હિન્દીને રાજભાષાનું ગૌરવ આપ્યું હતું, ત્યારથી આ ઐતિહાસિક દિવસને દર વર્ષે હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી કામકાજમાં રાજભાષાનો પ્રગતિશીલ ઉપયોગ ખૂબ વધ્યો છે અને સાથે જ પ્રાદેશિક ભાષાઓને પણ યોગ્ય સન્માન મળ્યું છે. ગૃહમંત્રીશ્રીના હસ્તે રાજભાષા વિભાગ દ્વારા ભારતીય ભાષા અનુભાગ માટે તૈયાર કરાયેલ બહુભાષી અનુવાદ સોફ્ટવેરનું તથા ડિજિટલ હિન્દી શબ્દકોશ હિન્દી શબ્દ સિંધુના ઉન્નત સંસ્કરણના સાત લાખ શબ્દો સાથેના નવા રૂપનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજભાષા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ હિન્દી અને સહકારિતા પર કેંદ્રિત વિશેષાંક તથા 'હિન્દી અને ભારતીય ભાષાઓ: અનુવાદના આયામ' નામક પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

વધુમાં, ગૃહમંત્રીશ્રી દ્વારા ૧૨થી વધુ સંસ્થા તથા સાહિત્યકારોને રાજભાષા ગૌરવ તથા રાજભાષા કીર્તિ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા. સાથે જ રાજભાષા વિભાગના માર્ગદર્શન હેઠળ વિવિધ બેંક, ઈસરો અને અન્ય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા પુસ્તકો અને પત્રિકાઓનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયના રાજ્ય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ, સંસદીય રાજભાષા સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ભર્તૃહરિ મહતાબ, અમદાવાદના સાંસદ શ્રી દિનેશ મકવાણા, કેન્દ્રીય રાજભાષા વિભાગના સંયુક્ત સચિવ શ્રી મીનાક્ષી ચૌલી, ગુજરાતી શિક્ષણવિદ્ પ્રો. વિજય પંડ્યા સહિત ૬ હજારથી વધુ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઋજુતાના થયા દર્શન, પ્રજ્ઞાચક્ષુ બાળકીને માઇક આપી સાંભળી વાત**

## ઊર્મિ સ્કૂલની છાત્રા ગૌરી શાર્દુલે મુખ્યમંત્રીશ્રી સમક્ષ કહ્યું સુગમ્ય ભારત અભિયાનથી દિવ્યાંગોજનોની રાહ થઇ આસાન

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના બાળકો પ્રત્યેના પ્રેમ અને ઋજુતાનો વડોદરાના નગરજનોને ફરી દર્શન થયા હતા. ઇલેટ્સ અર્બન ઇનોવેશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટમાં સહભાગી થયેલા મુખ્યમંત્રીશ્રીએ એક પ્રજ્ઞાચક્ષુ છાત્રાને સ્ટેજ ઉપર માઇક અપાવી હેતપૂર્ણ રીતે સાંભળી હતી.

બન્યું એવું કે, સમિટમાં મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવા માટે ઊર્મિ સ્કૂલના દિવ્યાંગ બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. એમાં આ શાળામાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ગૌરી શાર્દુલ પણ સામેલ હતી. ગૌરીએ જાતે દોરેલા મુખ્યમંત્રીશ્રીના સ્કેચની ફ્રેમ આપી સ્વાગત કર્યું.

પેન્સીલથી દોરેલી એ તસવીર જોઇ મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. કારણ કે, ગૌરી પ્રજ્ઞાચક્ષુ હોવા છતા આવું સરસ ચિત્રકામ કરી શકતી હતી. એટલે શ્રી ભૂપેન્દ્ર પટેલે એ છાત્રની પૃચ્છા કરી. ત્યારે ગૌરીએ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સર મારે બે શબ્દો કહેવા છે ! મુખ્યમંત્રીશ્રી તુરંત એ છાત્રાની લાગણીને સમજી ગયા અને તત્કાલિક એક માઇક સ્ટેજ ઉપર મંગાવીને બાળકીને પોતાની વાત કહેવા માટે આપ્યું.

# જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગરનું સત્કર્મ નકામું છે અને તેથી ઘણીવાર ધર્મ પણ અધર્મ બને છે



યશપાલસિંહ ટી. વાઘેલા
દરબાર ગઢ થરા



મેઘરાજાએ બનાસકાંઠા-કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોને ઘમરોળ્યા બાદ હજુ પાણીથી તરસ્યા એવા આ વિસ્તારો પાણીથી તરબતર થઈ ગયા છે ક્યારે તેનાથી મુક્તિ મળશે એ પણ કુદરત આધીન છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ તરીકે પરમાત્મા રહેલા હોવાથી કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખવો એ ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે. જીવ સાથે તો શું કોઈ જડ પદાર્થ પ્રત્યે પણ કુભાવ ન રાખવો. સર્વ જીવને સહૃદ નહીં પણ ભૂતમાત્ર સહૃદ થવું એમ ગીતા કહે છે. સર્વમાં સદભાવ રાખજો. સર્વમાં સદભાવ એટલે જડ પદાર્થ પ્રત્યે પણ સદભાવ.

આ વિશે એક દૃષ્ટાંત વિચારવા જેવું છે. એક દેશમાં એક રાજા અને તે નગરના નગરશેઠ વચ્ચે ગાઢ મિત્રતા. વાણિયા નગરશેઠનો વેપાર ચંદનનાં લાકડાં વેચવાનો. શેઠનો ધંધો બરાબર ન ચાલે.પાંચ વર્ષમાં શેઠને ખૂબ ખોટ ગઈ. છેવટે મહેતાજીએ જણાવ્યુંકે,જો આ વર્ષમાં પૂરતો માલ નહીં ખપે તો પેઢી ડૂબી જશે. હવે ચંદન જેવું કિંમતી લાકડું મોટા પ્રમાણ માં રાજા સિવાય બીજું કોણ લે!

મનુષ્યના હૃદયમાં સ્વાર્થ જાગે ત્યારે વિવેક રહેતો નથી. સ્વાર્થ તો દરેકના હૃદયમાં હોય છે. પણ તેમાં વિવેક રાખવો જોઈએ. નગર શેઠને વિચાર આવ્યો કે,આ રાજા મરી જાય તો તેને બાળવા માટે ચંદનની જરૂર પડે અને મારો સઘળો માલ વેચાઈ જાય!આમ શેઠના મનમાં રાજાના પ્રત્યેકુભાવ આવ્યો તે જ વખતે રાજાના મન માં શેઠ પ્રત્યે કુભાવ આવ્યો તે દિવસે જ્યારે શેઠ રાજાને મળવા આવ્યા ત્યારે રાજાને પણ એવો વિચાર આવ્યો કે,આ વાણિયો ઝટ મરી જાય તો સારું.તે

નિ:સંતાન છે એટલે તેનું ધન રાજના ખજાનામાં આવે.આમ એકના કુભાવે બીજામાં કુભાવ જગાડયો.

બે-ત્રણ દિવસ પછી રાજાના મન માં વિચાર આવ્યો કે,કોઈ દિવસ નહીં અને હમણાંના આ નગરશેઠ ના સંબંધમાં આવો ખરાબ વિચાર કેમ આવે છે?

રાજાએ તો શેઠની આગળ આ હકીકત જાહેર કરી કહ્યું કે,તમારા માટે ખોટા વિચાર આવે છે,તેનું કારણ કાંઈ સમજાતું નથી.

શેઠ રડી પડી કહે, મારો વેપાર-ધંધો ચાલતો નથી.તેથી મનેવિચાર આવ્યો,તે તમે મરી જાવ તો તમને બાળવામાં મારું ચંદન ખપીજાય!

રાજા વિચારમાં પડી ગયો.પછી તે કહે,તારી જરા ભૂલ થઈ.તારે એવો વિચાર કરવો જોઈતો હતો કે,રાજા એના મહેલના દરવાજા ચંદનના બનાવે અને તે માટે ચંદન ખરીદે અથવા રાજા ઠાકોરજી માટે ચંદનનો હિંડોળો બનાવે તેમાં મારું ચંદન ખપી જાય! રાજાનું મન શુદ્ધ થયું. વાણિયાનું મન શુદ્ધ થયું. તે પછી એકબીજા પ્રત્યે સારી ભાવના રાખી. રાજા અને શેઠ સુખી થયા.

ભાવશુદ્ધિએ મોટામાં મોટું તપ છે માનવજીવન તપ માટે જ છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગરનું સત્કર્મ નકામું છે અને તેથી ઘણીવાર ધર્મ પણ અધર્મ બને છે. સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે.દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિનો ધર્મ પણ અધર્મ થયો.તેનો યજ્ઞ તેને મારનારો થયો.

સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે.સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય, માટે ભૂતમાત્રના હિતમાં રત રહેવું.

અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન.એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ.એક બ્રાહ્મણ રસ્તા માં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે.આ મહા લક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે તેથી તે સ્ત્રીહૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે.તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારામાં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમોત્તમ ધર્મ છે. સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ.કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી.મહાભારતમાં જોઈએ છીએ કે,શ્રીકૃષ્ણ કેટલીક વાર અધર્મ કરે છે,પણ તેના મન માં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે. સર્વમાં સદભાવ રાખ.અધર્મ કરવામાં આવે તોતે અધર્મ પણ ધર્મ બને છે.મહા ભારતનો કર્ણ પર્વ અને દ્રોણ પર્વ આનાં દૃષ્ટાંતો છે.

કર્ણપર્વમાં આપેલું છે કે,કર્ણ નિ:શસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો.તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર.

તે વખતે અર્જુન કહે છે,યુદ્ધ શાસ્ત્રનો નિયમ છે કે,શત્રુ જ્યારે નિ:શસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવોજોઈએ

પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મનું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે.ભરસભા માં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું,ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું?

તે જ પ્રમાણે દ્રોણપર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે.શ્રીકૃષ્ણે વિચાર્યું કે,આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો.શ્રીકૃષ્ણે વિચાર્યું,જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે,છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મ રાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે,બોલો,અશ્વત્થામા હણાયો યુધિષ્ઠિર કહેછેકે,મારાથીઅસત્ય કેમ કહેવાય.ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય. માટે કહું છું,બોલો,

અ શ્વ ત્ થા મા

હણાયો!ભગવાનના આગ્રહથી બોલવું પડ્યું કે,

અશ્વત્થામા હણાયો,પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર,કાં હાથી!પણ છેલ્લા શબ્દો કોઇને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથીએ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો.

સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું.એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે.

મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે. તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા.

દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિની બને,તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે.

અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ.ત્રણ એટલે સત્ત્વ,રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જેનિર્ગુણી બને તે અત્રિ,સત્ત્વ,રજ તમ—આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મ સંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ.

તર્જની આંગળી જીવભાવ-અભિમાન બતાવે છે.જીવમાં અભિમાન પ્રધાન છે.ટચલી આંગળી સત્ત્વગુણ છે.અંગૂઠોએ બ્રહ્મ છે.તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

## ગરવી તાકાત દૈનિક અખબારના અહેવાલની ધારદાર અસર જોવા મળી

# તાલુકાના અગ્રણીઓની રજૂઆતના પગલે પૂરગ્રસ્ત સુઈગામ તાલુકામાં ૧૦૦ ટકા કેસડોલ્સ ચૂકવાશે

### ભાજપ અગ્રણીઓ અને સરપંચ એસોસિએશનની સતત રજૂઆતના પગલે સુઈગામ તાલુકાના તમામ ગામો અસરગ્રસ્ત ગણાશે

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૪

બનાસકાંઠા જિલ્લામાં ગત ૬,૭ અને ૮ તારીખે વરસેલા અતિભારે વરસાદથી આવેલા પૂરના કારણે સરહદી સુઈગામ, વાવ, ભાભર અને થરાદ તાલુકાના ગામડાઓમાં ભારે તારાજી સર્જાઈ છે, એમાં ખાસ કરીને રણને અડીને આવેલા સરહદી સુઈગામ તાલુકામાં પૂરના પાણીના કારણે ખુવારી થઈ છે, વરસાદના વિરામના ૬ દિવસ બાદ પણ સુઈગામ તાલુકાના કેટલાય ગામોમાં જવા આવવાની તકલીફ છે, તમામ ગામોમાં નીચાણ વાળા ઘરોમાં આજે પણ પાણી




ભરાયેલા હોવાના કારણે લોકોને સરકારી દવાખાના, આઈ.ટી.આઈ ,શાળાઓ તેમજ અન્ય ના ઘરોમાં પોતાના માલ ઢોર સાથે રહેવા મજબૂર છે, પૂરની ભયંકર સ્થિતિનું જાત નિરીક્ષણ કરવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી,મંત્રી મંડળ તેમજ ધારાસભ્યોએ પણ મુલાકાત લીધી હતી, અને પૂરમાં નુકશાન બાબતે કેસડોલ્સ, ઘરવખરી, પાક ધોવાણ, મકાન સર્વે,તેમજ પશુ મૃત્યુ અંગેનું સર્વે હાથ ધરાયું છે, જેમાં શરૂઆતી સમયમાં જે લોકોને શાળા કોલેજો,માં શિફટ કરવામાં આવ્યા હોય તેવા પરિવારોને જ કેસડોલ્સ આપવાની ચર્ચા થઈ હતી,જેના પગલે સુઈગામ તાલુકાના ભાજપ અગ્રણીઓ ઉમેદદાન ગઢવી, મૂળજીભાઈ ચૌધરી, ભાજપ પ્રમુખ લખમણભાઈ ચૌધરી, વિહાજી રૂપાણી, રામસિંહભાઈ રાજપૂત, APMC ચેરમેન માદેવભાઈ ચૌધરી, સરપંચ એસોસિએશનના પ્રમુખ મગનીરામ રાવલ તેમજ તમામ સરપંચોએ ભેગા મળી સુઈગામ પ્રાંત કલેકટર ડો.અરવિંદકુમાર પ્રજાપતિને રૂબરૂ મળી લેખિત રજૂઆત કરી કે ૩ દિવસમાં લગભગ ૨૨ ઈંચ જેટલા વરસાદથી સર્જાયેલ પૂરની પરિસ્થિતિમાં તમામ લોકો એક સરખા પીડિત બન્યા છે, જેથી તાલુકાના તમામ લોકોને અસરગ્રસ્ત ગણી સુઈગામ તાલુકાના દરેક ગામોના તમામ પરિવારોને કેસડોલ્સ ચૂકવવા અને ૧૦૦% પાક ધોવાણ સહાય આપવા રજૂઆત કરતા તેમજ જે પશુપાલકોના પશુઓ મૃત્યુ પામ્યા હોય, ઘરો પડી ગયા હોય, ઘરવખરીને નુકશાન થયું હોય તે તમામનું સાચું સર્વે કરી સહાય આપવા રજૂઆત કરતા આખરે તંત્ર દ્વારા સુઈગામ તાલુકામાં તમામ ગામોના દરેક પરિવારો અને ખેડૂતોને ૧૦૦% કેસડોલ્સ અને પાક ધોવાણ સહાય આપવાની માંગ સ્વીકારી હતી,જેને લઈ રજૂઆત કર્તા અગ્રણીઓ અને સરપંચોએ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

### વડીયાવીર ગામે ગટર લાઈનની ખામીને કારણે ગંદુ પાણી રસ્તે રેલાયું

## વડીયાવીર ગામે ગટરના તકલાદી કામની પોલ ખુલી ગઈ : બે નાળા વચ્ચે જગા પડતા ગંદા પાણીની રેલમછેલ થઈ

(ગરવી તાકાત) ઈડર તા.૧૪

ઈડર તાલુકાના વડીયાવીર ગામે થોડાક સમય પહેલા નાંખવામાં આવેલી ગટર લાઈનમાં બેદરકારી ભર્યું કામ બહાર આવ્યું છે. પાઈપ ના સાંધા વચ્ચે રીંગ ન લગાવવાને કારણે જગ્યા રહી જતાં ગટરનું ગંદુ પાણી રસ્તા પર રેલાતું જોવા મળ્યું હતું.

ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામમાં અગાઉ ગંદુ પાણી સીધું તળાવમાં છોડાતું હોવા તું હતું, ત્યારબાદ પંચાયત દ્વારા નવી ગટર લાઈન નદી કિનારે લઈ જવામાં આવી છે તાજેતરમાં જે આ ગટરનું કામ થયું હતું જેમાં બે નાળા વચ્ચે સાંધા અલગ પડી નાળા વચ્ચે જગા પડી જતા વરસાદથી રીંગ વિના ભરવામાં આવેલ વાટા ધોવાતા પાઈપ ના સાંધા ખુલ્લા પડી ગયા હતા, જેના કારણે


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

વરસાદી પાણી સાથે ગટરનું ગંદુ પાણી પણ ઉભરીને રસ્તા પર ફેલાઈ ગયું હતું .

પંચાયત દ્વારા કામકાજમાં જરૂરી તકેદારી ન લેવાતા આ પરિસ્થિતિ ઊભી થઈ છે. સરકારની ગ્રાન્ટ નો યોગ્ય ઉપયોગ અને તંત્ર દ્વારા કામ પર કડક દેખરેખ જરૂરી હોવાનું ગ્રામજનો દ્વારા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

---

### બનાસકાંઠા જિલ્લાના થરા વિસ્તારમાં જાહેરમાં હિંસક ઘર્ષણ

## બે જૂથો એક બીજા પર પથ્થરો મારી લાકડી લઈ તૂટી પડ્ય અફરાતફરીનો માહોલ સર્જાયો, ૧૦ થી વધુ લોકોને ઈજાઓ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના થરા વિસ્તારમાં દિયોદર જતા નાળા નજીક બે જૂથો વચ્ચે હિંસક ઘર્ષણ સર્જાયું છે. આ ઘટનામાં લગભગ ૩૦થી વધુ લોકોએ એક બીજા પર હુમલો કર્યો હતો. બંને જૂથો વચ્ચે થયેલા ઘર્ષણમાં લાકડી અને પથ્થરમારો થયો હતો.

આ હિંસક ઘટનામાં ૧૦ લોકોને ઈજાઓ પહોંચી છે. ઘટના દરમિયાન વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ આ ઘટનાની જાણ પોલીસને કરી હતી.

થરા પોલીસને ઘટનાની માહિતી મળતાં તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લઈને તપાસ શરૂ કરી છે. હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને પોલીસ હિંસા માટે



જવાબદાર લોકોની ઓળખ કરવાની કાર્યવાહી કરી રહી છે.આ અંગે થરાના PI એ જણાવ્યું હતું કે, મારામારી ઘટના બની છે. હાલ પોલીસ તપાસ કરી રહી છે, કેટલાક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે જેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

---

### બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગની સખ્ત કાર્યવાહી

## ગેરકાયદે ખેરના લાકડા ભરેલો રૂપિયા ૨૧ લાખનો ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૪

બનાસકાંઠા વન્યજીવ વિભાગની અમીરગઢ રેન્જ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ધનપુરા રાઉન્ડ વિસ્તારમાં વન વિભાગના અધિકારીઓએ ગેરકાયદે ખેરના લાકડાની હેરાફેરી કરતા ટ્રકને પકડી પાડ્યો છે.

વનપાલ તેમીના શેખ અને વનરક્ષક ઈન્દ્રજીતસિંહ વાઘેલાએ રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ કરતા એક ટ્રકને રોક્યો હતો. તપાસ દરમિયાન ટ્રકમાંથી યોગ્ય પાસ-પરમિટ વગર ખેરના લીલા લાકડાનો જથ્થો મળી આવ્યો હતો.

વન વિભાગે ટ્રકને ધનપુરા વિરમપુર ક્વાર્ટર ખાતે લઈ જવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૧૬ લાખની કિંમતનો ટ્રક અને ૫




લાખની કિંમતના લાકડાનો સમાવેશ થાય છે. કુલ ?૨૧ લાખના મુદ્દામાલ સાથે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં ડીસીએફ ચિરાગ અમીન, એસીએફ મેહુલ પ્રજાપતિ અને આરએફઓ એમ.જે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ વનપાલ તેમીના શેખ, વનરક્ષક ઈન્દ્રજીતસિંહ વાઘેલા, ભરતકુમાર મકવાણા અને લાલુભાઈ પરમારે મહત્વની ભૂમિકા ભજવી હતી.

વન વિભાગ દ્વારા વન્યજીવ સંરક્ષણ અને ગેરકાયદે લાકડાંની હેરફેર અટકાવવા માટે સતત નિગરાની રાખવામાં આવી રહી છે.

---

### પાટણમાં દેવી-દેવતાઓના અપમાનજનક પોસ્ટર્સ મામલો

## બજરંગ દળે દેવદર્શન કોમ્પ્લેક્સ પાસેથી પોસ્ટર્સ હટાવ્યા, ત્રણ દિવસનું અલ્ટીમેટમ

(ગરવી તાકાત) પાટણ તા.૧૪

પાટણના દેવદર્શન કોમ્પ્લેક્સ વિસ્તારમાં જાહેર દીવાલો પર લગાવેલા દેવી-દેવતાઓના પોસ્ટર્સ મામલે બજરંગ દળે એક્શન લીધું છે. કોમ્પ્લેક્સની દીવાલો પર લગાવેલા પોસ્ટર્સ પર લોકો દ્વારા ગંદકી કરવામાં આવતી હતી. આના કારણે હિન્દુ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી રહી હતી.

બજરંગ દળના કાર્યકર્તાઓએ આજે આ પોસ્ટર્સને હટાવી દીધા છે. સંગઠને જણાવ્યું કે, આવા કૃત્યો હિન્દુ ધર્મનું અપમાન છે. તે સમાજમાં અશાંતિ ફેલાવી શકે છે.

બજરંગ દળે પાટણની જનતાને ચેતવણી આપી છે. તેમણે ત્રણ



દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આ સમયમર્યાદામાં લોકો જાતે આવા અપમાનજનક પોસ્ટર્સ નહીં હટાવે, તો સંગઠનના કાર્યકર્તાઓ વિરોધ પ્રદર્શન કરશે. તેઓ પોતે જ આ પોસ્ટર્સને દૂર કરશે.બજરંગ દળનું કહેવું છે કે, તેમનો હેતુ ધાર્મિક લાગણીઓનું સન્માન જાળવવાનો છે. સાથે જ જાહેર સ્થળોએ આવી પ્રવૃત્તિઓને રોકવાનો પણ છે.

---

## થરાદમાં દાડમના પાકને વરસાદથી નુકસાન, ખેડૂતોની લોન ડૂબવાનો ભય

(ગરવી તાકાત) થરાદ તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના જાણદી ગામમાં ભારે પવન અને વરસાદે બાગાયતી ખેતીને નુકસાન પહોંચાડ્યું છે. દાડમના પાકને થયેલા નુકસાનથી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે.

જાણદી ગામના ખેડૂત પીરાભાઈ પટેલે બાગાયતી ખેતી માટે સેવા સહકારી બેંકમાંથી ૩.૫ લાખની લોન લીધી હતી. તેમણે દાડમની ખેતી શરૂ કરી અને સખત મહેનત કરી. પરંતુ ફળ આવવાના સમયે જ ભારે પવન અને વરસાદે તમામ છોડને નષ્ટ કરી નાખ્યા.પીરાભાઈને પાકમાંથી ૧૨થી ૧૫ લાખની આવકની અપેક્ષા હતી. તેઓ આ આવકમાંથી ઘરનું રિપેરિંગ કરવા અને બાળકોને ખાનગી શાળામાં ભણાવવાનું વિચારતા હતા. હવામાનની વિપરીત પરિસ્થિતિએ તેમના આયોજનને નિષ્ફળ બનાવ્યું છે.ખેતરમાં ભાગિયા તરીકે કામ કરતા સગદાભાઈની સ્થિતિ પણ કપરી બની છે. તેમણે પણ દિવસ-રાત મહેનત કરીને પાક તૈયાર કર્યો હતો. હવે તેઓ સરકાર પાસે સહાયની આશા રાખી રહ્યા છે.સરહદી વિસ્તારના તમામ અસરગ્રસ્ત ખેડૂતો સરકારી તંત્ર પાસેથી સર્વે અને નુકસાન વળતરની રાહ જોઈ રહ્યા છે.

---

## કોરડા ગામની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : વારાહી પોલીસે બે આરોપીઓને પકડી સોના-ચાંદીના દાગીના અને રોકડ કબજે કરી

(ગરવી તાકાત) પાટણ તા.૧૪

વારાહી પોલીસે કોરડા ગામમાં બે મહિના પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે એક શખ્સ ચોરીના મુદ્દામાલનું વેચાણ કરવા વારાહી આવવાનો છે તેવી માહિતી મળી હતી.

પોલીસે માનપુરા ફાટક પાસે વોચ ગોઠવી આરોપીને પકડ્યો હતો. તેની અંગઝડતીમાંથી સોનાનું મંગળસૂત્ર, સોનાની વીંટી અને રૂ.



૧૫,૦૦૦ રોકડા મળી આવ્યા હતા. આરોપીની પૂછપરછમાં બીજા એક શખ્સને મુદ્દામાલ વેચ્યો હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે બંને આરોપીઓને પકડી પાડ્યા છે. જેમાં કોરડા ગામના હિતેશભાઈ નાનજીભાઈ નારણભાઈ ચૌધરી અને સાંતલપુરના વિનોદભાઈ અમીરામભાઈ વૈકુંઠલાલ સોનીનો સમાવેશ થાય છે. બીજા આરોપીની દુકાનેથી ચાંદીના ત્રણ સિક્કા અને સોનાની લગડી પણ મળી આવી હતી.

આ ગુનો ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) હેઠળ નોંધાયો હતો. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# સંક્ષિપ્ત સમાચાર

## વિજ્ઞાન મેળા નુ આયોજન કરવામાં આવ્યું



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

આજ રોજ વાલમ ક્લસ્ટર માં આવેલ વાલમ કુમાર પ્રા. શાળા માં વિજ્ઞાન મેળા નુ આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજ્ઞાન શિક્ષક શ્રી હાર્દિકભાઈ ના માર્ગદર્શન હેઠળ અવનવી કૃતિઓ બાળકો એ તૈયાર કરવામાં આવી અને એની રજુઆત કરવામાં આવી. તમામ બાળકો એ ખૂબ રસ પૂર્વક તમામ કૃતિઓ નુ નિરીક્ષણ કરવામાં આવ્યું. શાળા પરિવાર દ્વારા આ આયોજન માં ભાગીદારી નિભાવી હતી.

## જૂનાગઢમાં કોર્પોરેટરની હત્યા કેસમાં ધરપકડ બાદ ફરાર થઈને સાધુવેશમાં ફરતા આરોપીની ધરપકડ

જુનાગઢ,તા.૧૩

જુનાગઢના નાર્કોટિક્સ ડ્રગ્સ તથા ગેરકાયદે હથિયારની પ્રવૃતિ સાથે સંકળાયેલા અશ્વિન વલકુભાઈ સાબડ અંગે જુનાગઢ મહાનગરપાલિકા વોર્ડ-૯ના કોર્પોરેટર કરમણભાઈ પૂંજાભાઈ રબારીએ પોલીસને માહિતી આપી હતી.

જેની અદાવત રાખીને આરોપી અશ્વિન સાબડ અને તેના પાંચ સાગરીતોએ કાવતરૂ ઘડીને ભવનાથ વડલી ચોક રોડ પર કરમણભાઈ રબારી પર પિસ્ટલથી માથાના તથા પીઢના ભાગે ત્રણ રાઉન્ડ ફાયર કર્યા હતા. જેમાં ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજ્યુ હતું.બાદમાં ૨૬.૨.૨૦૧૦ના રોજ પોલીસે આરોપી અશ્વિન સાબડની ધરપકડ કરીને તેને જૂનાગઢ જિલ્લા જેલમાં મોકલી આપ્યો હતો. ત્યારબાદ ૧૮.૧૦.૨૦૧૯ના રોજ તે પાંચ દિવસના વચગાળાના જામની પર મુક્ત થયો હતો. જોકે ૨૪,૧૦,૨૦૧૯થી તે ફરાર થઈ ગયો હતો.

આ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલએ તપાસ હાથ ધરીને રાજસ્થાનના બિકાનેરથી આરોપી અશ્વિન સાબડની ધરપકડ કરી હતી. પોલીસથી બચવા માટે તેણે વાળ દાઢી વધારીને સાધુ જેવા તથા શીખ જેવી પાઘડી પહેરીને અલગ અલગ વેશ ધારણ કરીને અલગ અલગ રાજ્યોમાં ફરતો હતો.

## ૧૭ મી સપ્ટેમ્બરથી 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ થશે




ગાંધીનગર,તા.૧૪

૧૭ સપ્ટેમ્બરથી દેશવ્યાપી શરુ થનાર ‘‘સ્વસ્થ નારી , સશક્ત પરિવાર’’ અભિયાનની પૂર્વ તૈયારી સંદર્ભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે બેઠક યોજી હતી. આ અભિયાન અંતર્ગત, સર્વાઈકલ અને બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ, સિકલ સેલ એનિમિયા સ્ક્રિનિંગ એનસીડી ચેકઅપ,ઓર્ગન ડોનેશન અને બ્લડ ડોનેશન સંદર્ભે જનજાગૃતિ હાથ ધરવામાં આવશે તથા સાર્વત્રિક રસીકરણ જેવા કાર્યક્રમો હાથ ધરાશે.

## ભારતના સૌથી સુરક્ષિત શહેરમાં પોલીસ સ્ટેશનથી ૧૧૭ ડગલા દૂર ક્રુરતાથી હત્યા

અમદાવાદ,તા.૧૩

પાલડી પોલીસ સ્ટેશનથી અંદાજે ૧૧૭ ડગલા દૂર ક્રુરતાથી હત્યાનો બનાવ સામે આવ્યો છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારની વહેલી સવારે નૌશલ ઠાકોર નામના યુવકની નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ૫ હત્યારોઓએ હત્યાને અંજામ આપી મીનીટો માં જ ફરાર થઈ ગયા હતા.

સીસીટીવીમાં તમે એક વ્યક્તિને પહેલા પાડી દેવામાં આવે છે, બાદમાં અંદાજે ૫ શખ્સો હાથમાં હથિયાર લઈને એક બાદ એક અનેક ઘા કરીને હત્યા નિપજાવી રહ્યા છે અને મિનિટોમાં જ ફરાર થઈ જાય છે. આ સમગ્ર બનાવ અમદાવાદના પાલડી પોલીસે સ્ટેશનના ૧૧૭ ડગલા દૂર આવેલા સહજાનંદ પ્લાઝા નજીકના છે, જ્યાં શુકરવા ની વહેલી સવારે નૌશલ ઠાકોર આવ્યો હતો. ત્યારે જ એક નંબર પ્લેટ વગરની શિફ્ટ કાર આવી જેમાંથી અંદાજે ૫ જેટલા શખ્સો તીક્ષ્ણ હથિયારથી નૌશલ ઠાકોર પર તૂટી પડ્યા હતા અને મિનિટોમાં જ નૌશલ ઠાકોરની હત્યા કરી હત્યારાઓ પાલડી પોલીસ સ્ટેશન નજીક જ હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. આ હત્યાનો બનાવ બનતા ની સાથે જ ઘટના સ્થળ પર પોલીસ પહોંચી અને તપાસ શરૂ કરી હતી. જેમાં હત્યાના સીસીટીવી સામે આવતાની સાથે જ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાઓ ની ઓળખ અને કાર ની ઓળખ કરવાની શરૂવાત કરી છે ત્યારે પોલીસે વધુ એ તપાસ હાથ ધરી છે કે હત્યા કરવા પાછળનું કારણ શું છે અને હત્યારા કરનારા કોણ છે ત્યારે પાલડી પોલીસ સ્ટેશન થી માત્ર ૧૧૭ જ ડગલા દૂર હત્યા થતા પોલીસ ના પેટ્રોલિંગ અને કાયદા અને વ્યસ્થા પર પણ અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. પાલડી પોલીસ અલગ અલગ થિયરી પર તપાસ શરૂ કરી છે જેમાં મૃતક નૌશલ ઠાકોર ભૂતકાળ માં એક હત્યાના બનાવમાં સંડોવાયેલ હતો.

Volume : 11 Issue : 152 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002